**ગાંધીધામ મહાનગરપાલિકા**

**પ્લોટ નંબર. ૩૫, સેક્ટર – ૯, ગાંધીધામ – કચ્છ. પીન.૩૭૦૨૦૧**

**તા.૨૦/૦૧/૨૦૨૬**

# "અખબારી યાદી"

## ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા નિર્મિત શહેરી ઘર વિહોણા લોકો માટે નાઈટ શેલ્ટર હોમનું આજરોજ શુભારંભ....

ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશ્નર શ્રી મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ આજરોજ તારીખ:૨૦/૦૧/૨૦૨૬થી ગાંધીધામ મહાનગરપાલિકા કચેરી સામે આવેલ મેદાનમાં શહેરી ઘર વિહોણા લોકો માટે તૈયાર કરવામાં આવેલ નાઈટ શેલ્ટરહોમ નો શુભારંભ કરવામાં આવેલ છે, આ શેલ્ટરહોમમાં મહિલા અને પુરૂષના અલગ અલગ વિભાગ સાથે વ્યવસ્થા કરવામાં આવેલ છે, આ ઉપરાંત રસોઇઘર, ટોઇલેટ, બાથરૂમ, સુવા માટે બેડ, લાઇટ,પંખા વગેરે અન્ય સુવિધા પુરી પાડવામાં આવેલ છે, આ શેલ્ટર હોમનું સંચાલન સેવાભાવિ સંસ્થા સેવા સર્વોપરી ટ્રસ્ટ આદિપુર દ્વારા કરવામાં આવશે,

આ હંગામી નાઇટ શેલ્ટર હોમમાં શહેરી ઘર વિહોણા એકલા રહેતા લોકો નાઇટ રોકાણ કરી શકશે તેમજ આશ્રિતોને બે ટાઇમ ભોજન, બેડસિટ, તકિયા, કમ્બલ,પીવા માટે પાણી, મેડિકલ કેમ્પ સુવિધા વગેરે પ્રાથમિક જરૂરિયાત સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવશે, તેમજ આ શેલ્ટર હોમ સંચાલન માટે સંસ્થા દ્વારા પુરતો સ્ટાફ રાખવામાં આવશે.

આ શેલ્ટર હોમ ઘર વિહોણા લોકો માટે આશિર્વાદ રૂપ બનશે અને હવે કોઇ પણ નિર આશ્રિતોને રોડ ઉપર સુવુ નહિ પડે તે માટે વધુ માં વધુ ઘર વિહોણા લોકો આ શેલ્ટર હોમનો લાભ લે તે માટે ગાંધીધામ મહાનગરપાલિકાની અખબાર યાદીમાં અપીલ કરવામાં આવે છે.

**જનસંપર્ક અધિકારી**